ગુજરાતમાં કોવિડ-૧૯ સામેના વેકસીનેશનની તૈયારીઓની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થઇ છે : રૂપાણી

કોલ્ડ ચેઇન - સર્વેક્ષણ - તાલીમ બધી વ્યવસ્થાઓ સરકારે કરી દીધી છે - કેન્દ્ર સરકાર જાહેર કરે કે તુરત જ રસી આપવાની કામગીરી ગુજરાતમાં પણ શરૂ થઇ જશે : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગુજરાત કોવિડ-૧૯ કોરોના સામેના વેકસીનેશન અંગે સંપૂર્ણ સજ્જ છે.

તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, હવે ટૂંક સમયમાં જ આ મેઇડ ઇન ઇન્ડીયા વેકસીન આવી જવાની છે અને રસીકરણ પણ શરૂ થવાનું છે. ગુજરાતમાં આ રસીકરણની સંપૂર્ણ તૈયારીઓ રાજ્ય સરકારે કરી લીધી છે. કોલ્ડચેઇન બની ગઇ છે, સર્વેક્ષણ કામગીરી થઇ ગઇ છે તથા રસીકરણ માટેની તાલીમ પણ કર્મીઓને અપાઇ ગઇ છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ એમ પણ કહ્યું કે, ભારત સરકાર રસીકરણ પ્લાન જાહેર કરે કે તુરત જ ગુજરાતમાં પણ વેકસીનેશન કામગીરી રાજ્ય સરકાર શરૂ કરી દેવા સુસજ્જ છે.

મુખ્યમંત્રીએ વનબંધુ વિસ્તાર આહવા ડાંગમાં પાણી પુરવઠાની યોજનાઓના ભૂમિપૂજન-ખાતમૂર્હત અવસરે સંબોધન કરતાં આ માહિતી આપી હતી.

ગુજરાત હાઈકોર્ટમાં નવનિયુક્ત જજ ડૉ. વિનીત કોઠારીનો શપથવિધિ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથે આજે ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નવનિયુક્ત જસ્ટિસ ડો.વિનીત કોઠારીને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ પ્રસંગે કાયદા અને ન્યાયતંત્રના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, ઍડ્વોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી, વકીલઓ, હાઈકોર્ટના અધિકારીઓ તથા નવનિયુક્ત જજના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

એસ.કે.પટેલ કે.જી.ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'કેપ ડે' યોજાયો

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં કેપ ડે' યોજાયો. જેમાં બાળકોએ આજનાં આ શરૂ થતાં નવા વર્ષમાં ઓનલાઈન ક્લાસમાં અવનવી તથા રંગબેરંગી અલગ અલગ પ્રકારની ઘરે જાતે બનાવેલી કેપ પહેરીને બેઠા હતા. અને બાળકોએ તે કેપ સાથે ફોટા મોકલ્યા હતા. અને આ નવા વર્ષમાં બાળકોએ અવનવી કેપ પહેરીને ખુબજ આનંદ લીધો હતો.

જે.બી. પ્રાથમિક શાળા દ્વારા શરીરની સ્વચ્છતા અને યોગ, પ્રાણાયમની ઓનલાઇન પ્રવૃતિ યોજાઇ

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તા.૦૧/૦૧/૨૦૨૦ ને શુક્રવારે શરીરની સ્વચ્છતા અને યોગ, પ્રાણાયમ ના મહત્વ અંગે ઓનલાઇન પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ વર્ગના કુલ ૧૧૨ વિદ્યાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના શિક્ષકો દ્વારા શરીરની સ્વછતા વિશે માહિતી આપવામાં આવી અને યોગ-પ્રાણાયમ પ્રેક્ટિકલ કરી બતાવવામાં આવ્યા. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઇ યોગ, પ્રાણાયમ અને આસનો કર્યા હતાં.

શાળાનાં આચાર્યશ્રી નીલાબેન પટેલે હાલના સમયમાં ખૂબ ઉપયોગી એવી પ્રવૃતિમાં માર્ગદર્શન આપનાર શિક્ષકો, સહકાર આપનાર વાલીશ્રીઓ અને ભાગ લેનાર તમામ બાળકોને અભિનંદન પાઠવ્યા હતાં.

આર.જી. કન્યા વિદ્યાલયના ધોરણ-૧૨ની વિદ્યાર્થીનીઓના વાલીઓની ઓનલાઈન મિટીંગ

ગાંધીનગર, તા. ૪

ધોરણ-૧૨ આર્ટ્સની કુલ ૧૨૦ વિદ્યાર્થીનીઓ અને વાલી સાથો ઝૂમ એપ પર ઓનલાઈન મીટીંગ કરવામાં આવી હતી. જેમાં કુલ ૯૭ વિદ્યાર્થીનીઓ અને વાલીઓ મિટીંગમાં જોડાયા હતા.

આ મિટિંગમાં આચાર્ય મીતેષભાઈ પટેલ, ઉ.મા. વિભાગનાં સુપરવાઈઝર કામિનીબેન મહંત, શર્મિષ્ઠાબહેન, દેવરાજભાઈ, જયોત્સનાબેન વગેરે પણ જોડાયા હતા.

મીટીંગમાં વિદ્યાર્થીઓ સાથે બોર્ડની પરીક્ષા,વર્ચ્યુઅલ કસોટી, ઓનલાઈન લેકટર, હેલ્પલાઈન, કોલઓન, એકમ કસોટીમાં હાજરી, બોર્ડની પરીક્ષાનું સુધારેલું પરિરુપ, પેપરસ્કીમ વિશે ચર્ચા કરી. વિદ્યાર્થીનીઓ અને વાલીઓને મુંઝવતા પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

મિટીંગ રસપ્રદ અને માહિતીસભર રહી, ૯.૦૦ કલાકે મીટીંગ શરૂ થઈ હતી અને ૯.૪૦ કલાકે વાલીઓનો આભાર માની પૂર્ણ કરવામાં આવી હતી.

રાષ્ટ્રમાં પ્રતિવર્ષ ૩૦ કરોડ વૃક્ષોની સંખ્યા ઉમેરાતી જાય જેના લીધે ઓક્સિજન બનવાની માત્રામાં વધારો થતાં વાયુ પ્રદૂષણ સમસ્યાને અટકાવી શકાય. પોષાક આહાર માટે માનવને આ ફળાઉ વૃક્ષ ફળ આપે, જીવન જરૂરિયાત માટે લાકડું આપે, છાંયડો આપે, વરસાદ લાવવામાં મદદ કરે, ગ્લોબલ વોર્મિંગ અટકે, અનેક સજીવો તેમજ પક્ષીઓનું આશ્રય સ્થાન બને તેવા ઉમદા વિચારો ધરાવતા મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં હિંદી વિષયના પ્રાધ્યાપક ડૉ. ગેલજી ભાટીએ આંબો રોપી જન્મદિવસની ઊજવણી કરી હતી.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની ટીમે

i-Tronics આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ-૨૦૨૦માં તૃતીય ક્રમાંક મેળવ્યો

વલ્લભ વિદ્યાનગર,તા. ૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ની વિદ્યાર્થીઓ જય પ્રજાપતિ (મિકેનિકલ એન્જી), ઈશ્વરીય જોષી(ઇલેક્ટ્રોનિક્સ એન્જી) ,ઋત્વિક પટેલ(ઇ.સી. એન્જી),મેહા દવે (ઇ.સી. એન્જી)ની ટીમ i-Tronics એ મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલાજી, મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ એન્ડ વિજ્ઞાનભારતી, કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રિસર્ચ - નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, ટેક્નોલોજી એન્ડ ડેવલપમેન્ટ સ્ટડીઝ , ન્યુ દિલ્હી સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય કક્ષા એ યોજાયેલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ-૨૦૨૦ માં ડિજિટલ ભારત થીમ અંતર્ગત તૃતીય ક્રમાંક મેળવ્યો.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે ટીમ i-Tronicsને અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે ઈન્ડિયન ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ એ યંગ સાયન્ટિસ્ટ્સ, સ્ટુડન્ટ્સ, ટેક્નોક્રેટ્સ માટે નોલેજ બેઝડ આઈડિયા, ટેક્નોલોજિકલ ઈનોવેશન રજુ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે તથા સાયન્સ એન્ડ ટેક્નોલાજીકલ ડોમેન માં ભારત આત્મનિર્ભર બને તે ઉદ્દેશ્ય તેના પાયા માં છે. બીવીએમના

વિદ્યાર્થીઓ એ ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા રજુ કરેલ 'IOT બેઝડ સ્માર્ટ ઈલેક્ટ્રિક પોલ' એ દેશ ને ઘણું ઉપયોગી બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

ટીમ i-Tronics ના વિદ્યાર્થીઓ એ જણાવ્યું હતું કે દ્વારા ઈન્ડિયન ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ -૨૦૨૦ (IISF-2020)નું આયોજન અલગ અલગ પ થીમ પર કરવામાં આવ્યું હતું જેમાં ડિજિટલ ભારત અંતર્ગત એજ્યુકેશનલ ટેક્નોલોજીસ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, IOT ઈનેબલ્ડ સિસ્ટમ,સાયબર સિકયુરિટી,આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આત્મનિર્ભર ભારત અંતર્ગત ડિઝાઈન એન્ડ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજીસ, સ્વચ્છ ભારત અંતર્ગત એન્વાયર્નમેન્ટ પોલ્યુશન,એનર્જી હાર્વેસ્ટિંગ, વેસ્ટ મેનેજમેન્ટ, જલ શક્તિ તથા સ્વસ્થ ભારત અંતર્ગત પબ્લિક હેલ્થ , ઈન્ટીગ્રેટેડ હેલ્થ, એગ્રી ટેક અંતર્ગત ઈનોવેટિવ એગ્રિકલચર પ્રેક્ટિસ એન્ડ રૂરલ ટેક્નોલાજીનો સમાવેશ થાય છે. જેમાં ડિજિટલ ભારત અંતર્ગત વિદ્યાર્થીઓ એ ડિઝાઈન કરેલ 'IOT બેઝડ સ્માર્ટ ઈલેક્ટ્રિક પોલ' એ કૉસ્ટ ઈફેક્ટિવ સોલાર એનર્જી પર આધારિત ઉપકરણ છે જે કોઈપણ ઈલેક્ટ્રિક પોલ માં લીકેજ કરન્ટ ડિટેકટ થતા જેતે ઈલેક્ટ્રિક પોલ પર પાવર કટઓફ કરીને બઝર તથા ફ્લેશિંગ LED દ્વારા નજીક ના માણસો ને ઈલેક્ટ્રિક હઝાર્ડ ની જાણ કરે છે.વિદ્યાર્થીઓ એ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં પૂર તથા ભારે વરસાદ ને કારણે જે પ્રદેશોમાં ખુબ પાણી ભરાયા હતા ત્યાં ઈલેક્ટ્રિક પોલના લીકેજ કરન્ટને કારણે ઘણા માણસો તથા પશુઓ એ જીવ ગુમાવ્યા છે તો ડિઝાઈન દ્વારા તેમનો જીવ બચાવીશકાય તો દેશ માટે તે ઘણું ઉપયોગી થઈ પડે તેમ છે.

ટીમ i-Tronicsની ઉપરોક્ત સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઇ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા.

એક સ્ત્રી ચિકિત્સક હોય ત્યારે કરૂણાભાવ પ્રગટે જ છે : અદિતિ

ગાંધીનગર, તા. ૪

ઈશ્વર પછી માણસ બીજા ક્રમે તબીબને પ્રાધાન્ય આપે છે. ઈશ્વરીય શકિત આગવી, અનોખી અને આસ્થાયુક્ત જરૂર છે, પરંતુ તબીબ ઘણા કિસ્સામાં મૃત્યુના આરે પહોચેલા માણસને પણ બેઠો કરે છે. તબીબ પર વિશ્વાસ મૂકી શકાય. આ એક આગવું સેવા ક્ષેત્ર છે અને તેમાં એક યુવતીએ પગરણ માંડ્યા છે. 'તબીબ પાસે જનાર દર્દી હમેશા આશાવાદી બને છે. તેને એમ છે કે અવશ્ય સારું થઈને રહેશે. નાની ઉંમરમાં તબીબી ક્ષેત્ર પગરણ માંડનાર એ યુવતીનું નામ છે અદિતિ.

ઈન્દોર પ્રવાસી બીદાસર નિવાસી જાણીતા આધ્યાત્મિક મહાનુભાવ બિમલ- પ્રભા ઘોડાવતના પુત્ર સમિતના ધર્મ પત્ની અદિતી ઓરલ તથા મૈકિજલો ફેશિયલ (એમડીએસ)ના ગોલ્ડ મેડાલિસ્ટ તો છે જ, પરંતુ તાજેતરમાં અદિતિએ એમપીએમએસયુની પરીક્ષામાં મધ્યપ્રદેશ પ્રાંતમાં સર્વોચ્ચ માર્ક અંકે કરી પોતાની ઉત્કૃષ્ટ સેવા પ્રતિભા દાખવી દીધી છે.

તેરાપંથ ધર્મસંઘને સમર્પિત શ્રાવક નિવાસી સ્વ. મહાલચંદજી સ્વ. માંગીદેવી ઘોડાવતના પૌત્ર વધૂ અદિતિ ચુરુ નિવાસી

દિવંગત જતનલાલ બહડિયાના પૌત્રી તથા અભય- સંપત બરડિયાના પુત્રી છે.

અદિતિ પ્રારંભથી મેધાવી બુધ્ધિ પ્રભા ધરાવતા વિદ્યાર્થિની છે, એમણે શૈશવથી જ ઊંચા ગુણાંક પ્રાપ્ત કર્યા છે અને ડોકટર બનવાનું સ્વપ્ન પુરું કરવા શ્રમ આદર્યો હતો. માણસની સેવા કરવાનું એવું એમનું સ્વપ્ન સિધ્ધ થયું છે. શ્વસુરગૃહ સાસુ પ્રભા ઘોડાવત તેમજ ડોકટર વિજયસિંહ ઘોડાવતે અદિતિને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા છે. અદિતિ કહે છે એક સ્ત્રીના હૈયે કરૂણા હોય છે, એટલે હું સેવાના ક્ષેત્રે કાર્યરત રહીશ.નાની ઉંમર વખતે અદિતિએ ઘણા ડોકટરોને સ્ટેથોસ્કોપ સાજો સેવા કરતા જોયા હતા. ગરીબ, મધ્યમવર્ગના તથા છેવાડાના લો કો ડોકટરો પાસે સાજા થવાની આશા લઈને જતા હતા. ડોકટરો તરફ તેઓ આશાભરી મીટ માંડી રહેતા. તેવા સમયે અદિતિને થયેલું કે હું અવશ્ય ડોકટર બનીશ.

પરણી - સાસરે ગયા પછી દેવ તૂલ્ય સાસુજી અને સસરાજીએ વધૂને દીકરી તરીકે જ સ્વીકારી અને દીકરીની જેમ જ તેને સહયોગ કર્યો, પરિણામે અદિતિ એક ડોકટર બનીને સેવાનાપંથે ગતિ કરી રહી. છે.

જન્મદિને વધામણી

નટવર હેડાઉ
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨

મેહુલ પટેલ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮

મનોજ શુક્લ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯

દિલીપસિંહ જે બ્રહ્મભટ્ટ

પિયુષ રાજુભાઈ વાઘેલા

કલ્પના સી મોદી
ફોન : ૨૩૨૨૫૧૫૨

આરૂષ કે પ્રજાપતિ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

કર્તવ્ય મહેશજી ઠાકોર
મો. ૯૭૨૭૩ ૭૭૦૯૪

જય પટેલ

ઋતુ મેહુલ પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૧૦૩૯૬